જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૫/૨૦૨૩   શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૧૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૮૧૧/૨૦૨૩

**અમરાઈવાડીઃ** બ્રિજેશ હીરાજી ખટીક (ઉ.વ.૩૧) (રહે. શંખલપુર ગીતાનગરની ચાલી સંજયચોક અમરાઈવાડી) એ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે માહે સપ્ટેમ્બર/૨૦૨૨ થી આજ દીન સુધીના સમયગાળા દરમ્યાન અમરાઈવાડી રબારી કોલોની પાસે વાઘજીભાઈ એસ્ટેટ ખાતે આરોપી અનુપ અરૂણસીંગ રાજપુત (રહે. અત્રી રીસીડેન્સી કાકાની ભાજીપાઉ પાસે ઓઢવ) એ બ્રિજેશને વિશ્વાસમાં લઇ રૂપિયા દસ લાખની લોન અપાવવાની વાત કરી જરૂરી કાગળો તેમજ પ્રોસેસિંગ ફી પેટે રૂપિયા ૧૬,૩૦૦/- તેમજ અન્ય ચાર્જ પેટે રૂપિયા ૩૭૦૦/- મેળવી લીધા હતા અને જણાવેલ કે મારે પૈસા આવવાના છે તે તમારા ખાતામાં ટ્રાન્સફર કરાવુ તે પૈસા મને આપશો ત્યારબાદ બ્રિજેશના ખાતામાં રૂપિયા ૨,૬૨,૧૧૮/- જમા થતા બ્રિજેશ એ અનુપ રાજપુતના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા. થોડા સમય બાદ બેન્કમાંથી બ્રિજેશના મોબાઈલ ઉપર ફોન આવતા જણાવેલ કે તમે બેન્કમાંથી લિધેલ લોનના હપ્તા કેમ નથી ભરતા ત્યારે બેન્ક માં જઈ તપાસ કરતા ખબર પડી હતી કે બ્રિજેશના દસ્તાવેજનો ઉપયોગ કરી અનુપ રાજપુત એ રૂપિયા ૨,૬૨,૧૧૮/- લોન પાસ કરાવી પાસ થયેલ લોનના નાણા બ્રિજેશના ખાતામાંથી પોતાના ખાતામા જમા કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૨/૨૦૨૩**

**ઓઢવઃ** નટુભાઇ અમથાભાઇ પટણી (ઉ.વ.૬૫) (રહે. નિશીથપાર્ક આદિનાથનગર જડેશ્વર મહાદેવ પાસે ઓઢવ) તા.૧૪/૦૫/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નટુભાઈ પટણીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૭૨,૫૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નટુભાઈ પટણીએ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૧૩/૨૦૨૩**

**કાગડાપીઠઃ** પ્રશાંતભાઈ મનસુખલાલ અમલાણી (ઉ.વ.૫૬) (રહે. સત્યમ પાર્ક સોસાયટી રાજીવનગર કાન્તા બાપા ચોક પોરબંદર) તા.૧૯/૦૫/૨૦૨૩ કલાક ૧૦/૧૦ વાગ્યાનાં સુમારે ગીતામંદિર બીઆરટીએસ બસ રૂટ નંબર-૧૪/ડી માં બેસી મુસાફરી કરી રહ્યા હતા ત્યારે બસમાં પ્રશાંતભાઈ અમલાણીની નજર ચુકવી અજાણી વ્યક્તિએ પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પ્રશાંતભાઈ અમલાણીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૧૪/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** નીલ રાજેશકુમાર પટેલ (રહે. વાસુદેવ પાર્ક સુરભી બંગ્લોઝની અંદર કર્ણાવતી સોસાયટી સામે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૫/૨૦૨૩ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતીરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી